દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૫૮ વર્ષ
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગુરુવાર ૮ એપ્રિલ, ૨૦૨૧

જીએસટી મામલે સુપ્રીમ કોર્ટનો સંકેત કેન્દ્ર સરકારે સમજી લેવા જેવો છે

આખા દેશને એક જ ટેક્સ માળખા હેઠળ આવરી લેવા માટે કેન્દ્ર સરકારે કરેલી જીએસટીના નામે કરેલી કસરતમાં વેપારીઓને અનેક મુશ્કેલીઓ પડી રહી હોવાની વારંવાર ફરિયાદો ઉઠી રહી છે. જીએસટીનો કાયદો ખરેખર ટેક્સ સીસ્ટમને સરળ બનાવવા માટે અને જીએસટીની ક્રેડિટ એક પછી એક એ ચેઇનમાં જોડાનાર વ્યક્તિ કે વેપારીને મળે તે માટે હતો પરંતુ જે રીતે જીએસટીની જોગવાઇ ઘડવામાં આવી અને સાથે સાથે તેનો અમલ શરૂ કરવામાં આવ્યો, તેણે અનેક પ્રશ્નો ઉભા કર્યાં છે. જીએસટી માટે થતી ફરિયાદો બાદ સરકાર દ્વારા તેને સરળ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે પરંતુ હજુ સુધી સરકારને એવી સફળતા મળી નથી. સરકારની આ નિષ્ફળતા બદલ આખરે સુપ્રીમ કોર્ટએ કેન્દ્ર સરકારનો ઉધડો લીધો છે. સુપ્રીમ કોર્ટએ એ કહેવું પડ્યું છે કે ખરેખર કાયદો બનાવતી વખતે દેશની સંસદની એવી ઈચ્છા હતી કે જીએસટી નાગરિકો માટે સરળ કાયદો બની રહે પરંતુ જેવી રીતે તેને આખા દેશમાં લાગુ કરવામાં આવ્યો તેનાથી જીએસટીનો મુળ હેતુ જ મરી ગયો છે. કેન્દ્ર સરકાર કરદાતા કે વેપારીઓ-ઉદ્યોગપતિઓને કરચોર કહી શકે નહીં.

જીએસટીની કલમને પડકારતી હિમાચલપ્રદેશની એક અરજીની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી હતી. અરજીમાં એ કલમને પડકારવામાં આવી હતી કે જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે, કોઈપણ કેસની કાર્યવાહી પેન્ડિંગ રાખવા દરમિયાન અધિકારી ઈચ્છે તો બેંક એકાઉન્ટ સહિત અન્ય સંપતિને પણ જપ્ત કરી શકે છે. આ અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટ દ્વારા અવલોકન કરાયું હતું કે જીએસટીના મુળ સ્ટ્રકચર તેમજ ઉદ્દેશથી સરકારની કામગીરી ભટકી ગઈ છે. સુપ્રીમ કોર્ટએ જોકે, આ અરજી પર પોતાનો ચૂકાદો આપ્યો નથી પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા જે ટિપ્પણી કરવામાં આવી તેણે અનેક પ્રશ્નો ઉભા કર્યાં છે. સરકારે જીએસટીના અમલમાં દાટ જ વાળ્યો છે. સરકાર ખરેખર સમજી જ શકી નથી કે જીએસટીનો કાયદો વેપારીઓ માટે કેવી રીતે ફાયદાકારક બનાવી શકાય! સરકારે કરેલા અમલને કારણે એવી સમસ્યા થઈ છે કે જીએસટીની ચોરી માટે અનેક ભેજાબાજો દ્વારા દરવાજા ખોલી દેવાયા છે અને અબજો રૂપિયાની કરચોરી આજે પણ થઈ રહી છે.

જીએસટીના કાયદામાં જે રીતે એક પછી એક ફોર્મ ભરવાની પદ્ધતિ અપનાવવામાં આવી છે તેનાથી અનેક સમસ્યાઓ આવી રહી છે. એક મહિને, બે મહિને કે પછી ત્રણ-ત્રણ મહિને જો રિટર્ન ફાઈલ કરવાના હોય તો તે ઘણું જ અઘરૂં છે. સામાન્ય રીતે બિઝનેસ થાય તો તેમાં એક-બે કે પછી ત્રણ મહિનામાં પેમેન્ટ આવી જાય તેવું થતું નથી. બીજી તરફ બિલ જનરેટ થાય તો તુરંત તેનો જીએસટી ભરી દેવાનો રહે છે. આ સંજોગોમાં એટલી વિસંગતતા ઉભી થાય છે કે વેપારીઓના કરોડો રૂપિયા ટેક્સ ક્રેડિટના સ્વરૂપમાં જમા થઈ જાય છે અને તેને પરત મેળવવામાં મોટી મુશ્કેલી નડે છે. જો સરકાર ઈન્કમટેક્સમાં એક વર્ષમાં રિટર્ન ભરવાનો નિર્ણય લઈ શકતી હોય તો તેણે જીએસટીના પણ તમામ રિટર્ન એક વર્ષમાં ભરવાનો આગ્રહ રાખવો જોઈએ. જો જીએસટીના રિટર્ન એક વર્ષમાં ભરવાનો નિર્ણય કરવામાં આવે તો તે નાણાંકીય વર્ષની જોગવાઈઓ સાથે મેચ પણ થઈ શકે છે. વેપારીઓ પણ નિરાંતે ધંધો કરી શકે અને જીએસટી ભરી શકે છે.

હજુ પણ મોડું થયું નથી. સરકાર જીએસટીમાં હજુ પણ સુધારાઓ કરી શકે છે. જીએસટીનો કાયદો જેટલો વેપારીઓ તરફી હશે તેટલો સરકારને વધુ ફાયદો જ થવાનો છે. કાયદો વેપારીઓ માટે સરળ રહેશે તેટલી ચોરી ઓછી થશે અને સરવાળે તેનો ફાયદો સરકારને જ થશે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી દ્વારા કેન્દ્ર સરકારને સંકેત આપી દીધો છે. હવે કેન્દ્ર સરકારે સમજવાનું છે. જો નહીં સમજે તો આગામી દિવસોમાં સુપ્રીમ કોર્ટએ જીએસટી મામલે કેન્દ્ર સરકારનો કાન આમળવો પડશે.

કિશન ગોરડિયા: કૃષ્ણ અને કિસનનો સમન્વય

કિશનભાઈએ પૈસા કમાવા માટે ધંધો શરૂ નહોતો કર્યો, ઋણ ઉતારવા માટે ધંધો શરૂ કર્યો હતો. આને માટે તેમણે વિવેક અને સાધનાની દીક્ષા આપનારા કેદારનાથજીએ આપેલો મંત્ર ગાંઠે બાંધ્યો હતો. પાણીમાં ઊતર્યા છો તો જેટલાં ભીના થવાનું આવશે એટલા તો થશો જ, પણ એમાં ડૂબ્યા વિના તરી પણ શકાય છે

વાત પાછળની વાત

રમેશ ઓઝા

કિશન ચુનીલાલ ગોરડિયા. વાણિયા-બ્રાહ્મણના છોકરાનું નામ કિશન હોય? એમાં પાછા કિશનભાઈ પોતે પોતાના નામનો ઉચ્ચાર કિસન કરતા, કિશન પણ નહીં. એક વાર મેં એમને કિશન નામ અને કિસન ઉચ્ચાર વિષે પૂછ્યું તો તેમણે કહ્યું કે તેમના પિતાએ તો તેમનું નામ કૃષ્ણકાંત રાખ્યું હતું પણ સમજણા થયા પછી તેમણે તેમનું નામ કિસન કરી નાખ્યું હતું, કારણ કે અશિક્ષિત સામાન્ય માણસને બોલવામાં તકલીફ ન પડવી જોઈએ. અઘરાં નામ, અઘરી ભાષા અને અઘરી રજૂઆત સામે તેમને અણગમો હતો. ભદ્રતાના દેખાડા સામે અને ભદ્રતાની ઈજારાશાહી સામે તેમને અણગમો હતો. ૧૯૮૦ માં ગુજરાતમાં અનામતવિરોધી તોફાનો થયાં ત્યારે ગુજરાત સર્વોદય મંડળે અનામતની આંધી ઉપર ગાંધી-સર્વોદય દર્શનના ભાષ્યકાર દાદા ધર્માધિકારીનાં વ્યાખ્યાનો રાખ્યાં હતાં. એ વ્યાખ્યાનમાં દાદા ધર્માધિકારીએ અનામતવિરોધી આંદોલનનું કારણ સમજાવતાં કહ્યું હતું કે કિસન સમાજમાં આગળ આવે એની સામે કૃષ્ણને વાંધો છે. લડાઈ કૃષ્ણ અને કિસન વચ્ચેની છે. સુજ્ઞ વાચકને સમજાઈ ગયું હશે કે કૃષ્ણ કયા સમાજમાંથી આવે છે અને કિસન કયા સમાજમાંથી? આપણા કિશનભાઈ તો સામે ચાલીને કૃષ્ણમાંથી કિસન થઈ ગયા હતા.

હવે જો હું એમ કહું કે કૃષ્ણકાંતમાંથી પોતાનું નામ કિસન કરી નાખનારા કિશનભાઈ બિલ્ડર હતા અને મુંબઈના મોખરાના બિલ્ડરોમાંના એક હતા તો મને ખાતરી છે કે વાચકને સાંસ્કૃતિક આઘાત (કલ્ચરલ શૉક) લાગશે. બાળપણમાં સામે ચાલીને સામાજિક-સાંસ્કૃતિક સીડી ઉપરથી નીચે ઉતરીને પોતાના નામનું બહુજનસમાજીકરણ (Subalternisation) કરનારા કિશનભાઈ બિલ્ડર અને એ પણ સફળ બિલ્ડર? સમાજ માટે નિસ્બત ધરાવનારો કોઈ સંવેદનશીલ માણસ બિલ્ડર તરીકે કેવી રીતે સફળ થઈ શકે? વળી બિલ્ડર તરીકેનો કિશનભાઈનો અવતાર ત્રીજો અવતાર હતો. એ પહેલાં તેમણે સાબુનો અને ઈન્ડસ્ટ્રિઅલ સર્વિસીઝનો ધંધો કર્યો હતો અને તેમાં પણ તેઓ સફળ નીવડ્યા હતા.

તેમની સફળતાનું રહસ્ય હતું તેમની ખંત. લીધી વાત છોડે નહીં. માત્ર ધંધામાં નહીં, નિજી અને સાર્વજનિક જીવનમાં પણ. કિશનભાઈને કોઈ નવી વાત પકડાવવી અને પકડેલી વાત છોડાવવી એ બહુ અઘરું પડતું. પોતે પોતાનું લક્ષ નક્કી કરે, પોતે પોતાનો રસ્તો નક્કી કરે અને નીકળી પડે અને તે ત્યાં સુધી જ્યાં સુધી તેમને સફળતા મળે નહીં. દસ નિષ્ફળતા પછી પણ અગિયારમા પ્રયાસ માટે તેઓ મથતા હોય. એટલે જ કદાચ તેમણે પોતાનું નામ કૃષ્ણમાંથી કિસન કરી નાખ્યું હશે. ભલે નેપીઅન્સી રોડ ઉપર રહેતા હોય, પણ ઢેફાં ભાંગનારો અંદરનો મજૂર કિસન કાયમ જીવતો રહેવો જોઈએ અને તેને આખી જિંદગી જીવતો રાખ્યો પણ હતો. તમામ પ્રકારની સુખસુવિધાની વચ્ચે ધરાર કૃષ્ણની ભદ્રતા અને કિસનના શ્રમનો તેમનામાં સમન્વય હતો.

કિશનભાઈના પરિવારની આર્થિક સ્થિતિ સારી નહોતી. પિતાની ઉપર દેવું હતું અને દેવા સાથે જ ગુજરી ગયા. કિશનભાઈએ મુંબઈમાં મ્યુનિસિપલ સ્કૂલમાં માસ્તરની નોકરી લીધી. તેમને એમ લાગ્યું કે માસ્તરના પગારમાંથી તેઓ દેવું ચૂકતે નહીં કરી શકે અને પરિવારને પણ પગભર નહીં કરી શકે. ધંધો કરવો જોઈએ, પણ ધંધો એટલે સમાધાન! એક સમાધાન કરો એટલે સમાધાનોની વણઝાર શરૂ થાય. જોતજોતામાં આખો અવતાર બદલાઈ જાય. જવું હતું ક્યાં અને સંજોગો પહોંચાડે ક્યાં? વળી પોતાને કૃષ્ણમાંથી કિસન કરી નાખનારી અંદરની પોતીકી સંવેદના છેડો મૂકતી નહોતી. આ બાજુ ભૂદાન આંદોલન શરૂ થયું હતું અને કિશનભાઈ બધું છોડીને તેમાં ઝંપલાવવા માગતા હતા.

કિશનભાઈ વિનોબા ભાવે પાસે ગયા અને પોતાની વ્યથા વ્યક્ત કરી. નોકરી કરીને દેવું ઉતારી શકાય એમ નથી અને દેવું તો પૈસે પૈસાનું ચૂકતે કરવું છે. ધંધો કરું તો ખરડાવાનો ડર છે. આ સિવાય મારો સમય અને શક્તિ ખર્ચાઈ રહ્યા છે અને મારે બને એટલા વહેલા સર્વોદય આંદોલનમાં ઝંપલાવવું છે, માટે કહો મારે શું કરવું જોઈએ? વિનોબાજીએ તેમને બે વિકલ્પ આપ્યા હતા. કાં પૈસે પૈસો ચૂકવીને દેવું ઉતાર અને કાં પ્રત્યેક લેણદારને મળીને તેમને વિશ્વાસમાં લઈને દેવું માફ કરાવ. જે માફ કરવા તૈયાર ન હોય તેનું દેવું ઉતાર. કિશનભાઈને માફ કરાવવાનો વિકલ્પ સ્વમાનજનક નહીં લાગ્યો એટલે માસ્તરની નોકરી છોડીને ધંધો શરૂ કર્યો.

કિશનભાઈએ પૈસા કમાવા માટે ધંધો શરૂ નહોતો કર્યો, ઋણ ઉતારવા માટે ધંધો શરૂ કર્યો હતો. આને માટે તેમણે વિવેક અને સાધનાની દીક્ષા આપનારા કેદારનાથજીએ આપેલો મંત્ર ગાંઠે બાંધ્યો હતો. પાણીમાં ઊતર્યા છો તો જેટલાં ભીના થવાનું આવશે એટલા તો થશો જ, પણ એમાં ડૂબ્યા વિના તરી પણ શકાય છે. એ પછી સર્વોદય આંદોલનમાં ઝંપલાવવાનું તો ક્યારેય બન્યું જ નહીં, પણ કન્સ્ટ્રકશનના ધંધામાં ડૂબ્યા વિના તરી શકવાનો પ્રયોગ તેમણે કરી બતાવ્યો જે વારસો તેમના પરિવારે અને કંપનીના સંચાલકોએ જાળવી રાખ્યો છે.

હમણાં કહ્યું એમ કિશનભાઈએ ધંધો પૈસા કમાવા માટે શરૂ નહોતો કર્યો, પણ ઋણ ઉતારવા માટે કર્યો હતો. પિતાજી ઉપરનું ઋણ તો ઊતરી ગયું, પણ સમાજના ઋણનું શું? એ પણ ઉતારવું જોઈએ અને સમાજ પાસેથી જે મેળવતા હોય તેમણે તો સૌથી પહેલાં અને સૌથી વધુ ઉતારવું જોઈએ. પ્રારંભનાં વર્ષોમાં ભામાશાની જેમ સર્વોદય કાર્યકરોને મદદ કરતા. કોઈના સુખદુઃખમાં કિશનભાઈ પડખે ઊભા ન હોય એવું ન બને. એક વાર અમારા એક ભોળા સ્વભાવના કાર્યકરે પોતાના દીકરાના જન્મદિવસની પાર્ટી રાખી. એંશીએક જણને બોલાવવાની યાદી બનાવી અને એ મુજબ કેટરરને જમવાનું બનાવવાનો ઓર્ડર આપ્યો. બન્યું એવું કે અમારા એ મિત્રે લાગણીથી તણાઈને લગભગ દોઢસો જેટલાં લોકોને બોલાવી લીધાં, પણ કેટરરને નવી સંખ્યા જણાવવાનું ભૂલી ગયો. કિશનભાઈ રવિવારના દિવસે છેક દક્ષિણ મુંબઈથી મુલુંડ સુધી પાર્ટીમાં ભાગ લેવા ગયા. કિશનભાઈ જ્યાં જાય ત્યાં તેમની અંદરનો કિસન મજૂરીનો મોરચો સંભાળી લે. રસોડામાં નજર કરતાંની સાથે જ તેમને સમજાઈ ગયું કે મહેમાનોની સંખ્યા વધુ છે અને રસોઈ ઓછી પડવાની છે. તેમણે મને બોલાવ્યો, હાથમાં પૈસા મૂક્યા અને મને કહ્યું કે મારી ગાડી લઈને જા અને મીઠાઈ, ફરસાણ અને બીજી આટલી ચીજ ખરીદી આવ. પ્રંસગ એવી રીતે ઉકેલ્યો કે મારા મિત્રને ખબર પણ પડી નહીં કે એ કેવી રીતે ઉકલ્યો.

આમ સમાજનું ઋણ ઉતારવાનો તેમનો પહેલો અવતાર ભામાશાનો હતો. ૧૯૯૦ ના દાયકામાં ધંધામાંથી નિવૃત્ત થઈને તેમણે વિચાર્યું કે એવી કોઈક વ્યવસ્થા કરવી જોઈએ જે સમાજના પ્રશ્નોના મૂળને સમજે, પ્રશ્નોના સ્વરૂપને સમજે, તેના ઉપાયો/ઈલાજોની છણાવટ કરીને આપે, તેને માટે કામ કરનારાઓને મદદ કરે, મદદ પણ પરંપરાગત મદદના સ્વરૂપની ન હોય, પણ આત્મનિર્ભરતાયુક્ત ટકાવી રાખનારી હોવી જોઈએ અને સૌથી મોટી વાત, એ વ્યવસ્થા પોતે જ આત્મનિર્ભર હોય. ટૂંકમાં ભલે બીજા માટે, પણ હાથ ફેલાવીને સમાજનું ઋણ ઉતારનારી વ્યવસ્થા ન હોવી જોઈએ. સમજ, ઉકેલ, સહાય અને આત્મનિર્ભરતા એમ ચતુષ્કોણીય વ્યવસ્થા હોવી જોઈએ. ઋજુહૃદયી કૃષ્ણ અનુકંપાથી પ્રેરાઈને કિસનને જીવતો રાખે એમ નહીં, પણ કૃષ્ણ અને કિસન વચ્ચે સખાપણું વિકસવું જોઈએ. કૃષ્ણ અને કિસન બન્ને સ્વાયત્ત અને આત્મનિર્ભર હોવાં જોઈએ. કિશનભાઈ આને તેમની ભાષામાં સસ્ટેનેબલ સોશ્યલ વર્ક તરીકે ઓળખાવતા હતા અને એ માટેની મથામણ એ તેમનો બીજો અવતાર હતો.

કિશનભાઈ શાપિત પણ હતા. તેમને તેમના હિસ્સામાં અભિવ્યક્તિના અભાવનો શાપ મળ્યો હતો. તેમને અઘરી ભાષા અને અઘરી રજૂઆત સામે અણગમો હતો, પરંતુ તેઓ પોતે ક્યારેય પોતાની વાત સરળ કે ઈવન અઘરી ભાષામાં કરી શકતા નહોતા. ન લખીને કે ન બોલીને. આગળ કહી એમ તેમની બીજી મર્યાદા એ કે તેઓ એટલા જીદ્દી હતા કે કોઈ વાત તેમને પકડાવવી કે છોડાવવી એ કપરું કામ હતું. આને કારણે તેમના એકંદરે દીર્ઘદૃષ્ટિવાળા બીજા અવતારને અને પ્રયાસને જેટલી સ્વીકૃતિ મળવી જોઈતી હતી એટલી ન મળી. સ્વીકૃતિ શું સહાનુભૂતિ પણ ન મળી. પણ લીધી વાત ન છોડનારા ખંતીલા કિશનભાઈ ક્યાં પૂર્ણવિરામમાં માનતા હતા! તેમનું મૃત્યુ તેમનાં સપનાંની આડેનું અલ્પવિરામ બનવું જોઈએ અને એમ જ થશે એમ મારો અંતરાત્મા સાક્ષી પૂરે છે.

-આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

બ્રેક્સ જરૂરી છે

એક દિવસ ઓટોમોબાઈલ ઇન્ડસ્ટ્રીના અગ્રણી ઉદ્યોગપતિએ એક મીટીંગમાં પૂછ્યું, 'આપણે કાર, ટ્રક, જીપ જે કંઈ પણ વાહન બનાવીએ છીએ તેમાં સૌથી મહત્ત્વનું શું છે? એક નહિ અનેક જવાબ મળ્યા 'ક્વોલીટી'... 'સ્પીડ'.... 'ડીઝાઇન' .... 'રંગ' .... 'પેટ્રોલ ડીઝલ ની બચત કરતી સારી એવરેજ' ... 'બેટરી' ... 'એન્જીન' વગેરે વગેરે...

ઉદ્યોગપતિ બોલ્યા, 'તમારા કોઈના જવાબ ખોટા છે તેમ નહિ કહું...પણ મારા જવાબ સાથે મેળ ખાતા નથી.' કોઈકે તરત પૂછ્યું, 'સર, તમારા હિસાબે શું સૌથી જરૂરી છે ?" ઉદ્યોગપતિએ જવાબ આપ્યો, 'મારા માટે સૌથી જરૂરી છે 'કારની બ્રેક્સ'! બધાને તેમનો જવાબ સાંભળીને થોડી નવાઈ લાગી.ઉદ્યોગપતિએ બધાના મોઢા પર આશ્ચર્યના ભાવ વાંચી લેતાં આગળ કહ્યું, 'દોસ્તો, શા માટે મારા માટે બ્રેક જરૂરી છે તે સમજવું...તમને ખબર જ છે કે બ્રેક્સ ચાલતી કારને ઊભી રાખવા માટેનું કામ કરે છે, બ્રેક કારની ઝડપ ઓછી કરવાનું કામ કરે છે, અચાનક થતા અકસ્માતને અટકાવવાનું કામ કરે છે.બરાબર, પણ હું માનું છું કે આ બ્રેક્સને લીધે આપણે કાર ઝડપથી ચલાવી શકીએ છીએ.'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

કોઈને સમજાયું નહિ કે કારની બ્રેક્સ કારની સ્પીડ ઓછી કરે છે તો તે આપણને કાર ઝડપથી ચલાવવામાં કઈ રીતે મદદરૂપ થઈ શકે?

ઉદ્યોગપતિએ આગળ કહ્યું, 'જરા વિચારો, તમારી કારમાં બ્રેક્સ નથી તો શું તમે કાર ચલાવી શકશો કે તેને ઝડપથી ચલાવી શકશો? જો આ બ્રેક્સ છે એટલે આપને કારને વધુ ઝડપે દોડાવવાની હિમત કરી શકીએ છીએ અને મનગમતા મુકામે જલ્દી પહોંચી શકીએ છીએ અને હવે આગળ વાત કરું તો માત્ર કારમાં કે કોઈ પણ વાહનમાં નહિ જીવનમાં પણ આ બ્રેક્સ જરૂરી છે.આ બ્રેક્સ અનેક પ્રકારના હોય છે...જીવનમાં આવતા પડકારો કે પછડાટ પણ એક બ્રેક છે જે આપણને અટકાવે છે, કોઈક ભૂલ કરાવે છે પણ તેમાંથી જ આગળ વધવાનો અનુભવ અને હિમત મળે છે.હું કહું છું કે જીવનમાં કોઈ પણ કામમાં થોડો બ્રેક લેવો જરૂરી છે.જરા બ્રેક મારી જીવનની ગાડીને એકધારી દોડતી અટકાવી કંઇક નાનું મનગમતું કરવાથી નાનકડા શોખ કે મનને આનંદ આપે તેવી પ્રવૃત્તિ કરવાથી તન અને મન બન્ને પ્રફુલ્લિત થાય છે અને કામ કરવાનું વધુ જોમ મળે છે.જીવનમાં મોટાઓ દ્વારા અપાતી ચેતવણીઓ, પુછાતા પ્રશ્નો, વડીલોની ચાંપતી નજર પણ બ્રેકનું કામ કરે છે તે પણ જરૂરી છે. આ બ્રેક્સ આપણને ભૂલોથી બચાવે છે.સાચા માર્ગે આગળ વધારે છે.આમ જીવનમાં બ્રેક્સ જે પણ રીતના હોય મહત્ત્વના છે.તેનું મહત્ત્વ સમજો અને સ્વીકારો.'

મોર્નિંગ મહેફિલ

સાગરના સ્પર્શ આડે ફક્ત એક શ્વાસ છે
સોનેરી મત્સ્ય છું અને રણમાં નિવાસ છે
- પુરુરાજ જોશી

સંસ્કૃતિગૌરવનો ફુગ્ગો બહુ ફુલાવ્યો, સંસ્કૃતિશરમની પણ વાત કરીએ

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

સંસ્કૃતિગૌરવ ક્યારેક પ્રજાની એકતા માટે ઉપકારક પરિબળ બની શકે, એમ પ્રજાના વિભાજન માટે પણ કારણભૂત બની શકે છે. કેમ કે, સંસ્કૃતિને કોઈ એક વ્યાખ્યામાં બાંધવી મુશ્કેલ છે, તેને કારણે રૂઢિગત માન્યતાઓ અને માનસિક બંધિયારપણાને જ સંસ્કૃતિમાં ખપાવવામાં આવે છે અને તેનું ગૌરવ લેતાં રહેવામાં આવે છે. આમાં માનસિક મોકળાશને ભાગ્યે જ અવકાશ રહે છે અને તેથી સુધારાની શક્યતા શૂન્ય બરાબર હોય છે. આવાં કહેવાતાં સંસ્કૃતિવિષયક દૂષણોને દૂર કરવા માટે ગમે એવો કઠોર કાનૂન ઘડાય, માનસિકતાને એ ભાગ્યે જ બદલી શકે છે. ભારતીય સંસ્કૃતિનું આવું એક મહાદૂષણ એટલે વર્ણવ્યવસ્થા.

હજારો વર્ષ જૂના આ દૂષણને નાબૂદ કરવા માટે અનેક કાનૂન બનતા રહે છે, છતાં તેને લગતા અપરાધ બનતા રહે છે. શાસકો પણ પ્રજાના મનમાં રહેલી ઊંડી માનસિકતાનું પ્રતિબિંબ પાડે છે અને વર્ણવ્યવસ્થાને પ્રોત્સાહન આપતા રહે છે. વક્તા એવી છે કે વર્ણની તમામ શ્રેણીમાં પણ પેટા વર્ણવ્યવસ્થા હોય છે. તેનો સાર એવો નીકળી શકે કે આપણને કોઈ આપણી બરોબરીનું હોય એવું ભાગ્યે જ ગમે છે. કાં કોઈ આપણાથી ઉપર હોવું જોઈએ, કાં આપણી નીચે કોઈક હોવું જોઈએ.

જ્ઞાતિગત-જાતિગત ભેદભાવો અનેક વરવા સ્વરૂપે એકવીસમી સદીના આ ત્રીજા દાયકાના આરંભે પણ સમાચારરૂપે ચમકતા રહે છે. આ ભેદભાવનું, માનવગૌરવની સરેઆમ હાંસી ઉડાવતું સૌથી ભયાનક સ્વરૂપ એટલે માનવ દ્વારા માથે મેલું ઉપાડવાની પ્રથા. હળાહળ હકારાત્મકતાના, વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રાધાન્ય ધરાવતા આ યુગમાં હજી આ પ્રથા અસ્તિત્વમાં છે એ જ શરમની વાત છે. આ શરમ દેશના કોઈ હોદ્દેદારની, કોઈ તંત્રની કે કોઈ જ્ઞાતિસમૂહની એકલાની નહીં, બલ્કે સમાજ તરીકેની સામુહિક શરમ છે.

આપણા દેશને આઝાદી મળ્યા પછી છેક ૪૬ વર્ષે, ૧૯૯૩ માં માથે મેલું ઉપાડવાની પ્રથાને રદ કરતો કાનૂન પસાર કરવામાં આવ્યો. આ કાનૂન પસાર થયે પણ ૨૮ વર્ષ વીત્યાં. આમ છતાં, ખુદ સરકાર આંકડા આપીને કબૂલે છે કે આ હીન પ્રથા હજી અમલી છે. એટલે કે કાનૂનનો અમલ અસરકારક રીતે પોતાનાથી થઈ રહ્યો નથી.

હકારાત્મક વિચારસરણીના કેફમાં રાચતા ઘણા નિર્દોષ લોકોને એ સવાલ થઈ શકે કે આવું કામ કોઈ છોડી કેમ ન શકે? શા માટે તેઓ આવું કામ ચાલુ રાખે છે? આ જ સવાલને જરા જુદી રીતે પૂછવાથી આપણી સામાજિક નગ્નતા ઉઘાડી થઈ જાય છે. શા કારણે, કઈ મજબૂરીને લઈને માથે મેલું ઉપાડનારા આ કામ છોડી શકતા નથી એ બાબતે આંખકાન ખુલ્લા રાખવાથી જવાબ મળી જાય એમ છે.

ફેબ્રુઆરી, ૨૦૨૧ માં રાજ્યસભામાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી રામદાસ આઠવલે દ્વારા લેખિતમાં અપાયેલા ઉત્તર અનુસાર સમગ્ર દેશમાં હાલ ૬૬,૬૯૨ લોકો માથે મેલું ઉપાડવાના કાર્યમાં જોતરાયેલા છે, જેમાં એકલા ઉત્તર પ્રદેશમાં જ અડધાથી વધુ એટલે કે ૩૭,૩૭૯ લોકો છે. ત્યાર પછીના ક્રમે મહારાષ્ટ્રમાં ૭,૩૭૮ લોકો, ઉત્તરાખંડમાં ૬,૧૭૦ લોકો અને આસામમાં ૪,૨૯૫ લોકો આ હીણપતભર્યા કામ સાથે સંકળાયેલાં છે. ગુજરાતમાં ૧૦૮ લોકો છે. અલબત્ત, આ કેવળ નોંધાયેલા આંકડા છે અને વાસ્તવિક આંકડા હજી વધુ હોઈ શકે છે, કેમ કે, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય અંતર્ગત 'રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ' દ્વારા દેશનાં તમામ રાજ્યોને માથે મેલું ઉપાડનારના મૃત્યુ અને તેને સંબંધિત ૧૯૯૩ થી અત્યાર સુધીની વિવિધ વિગતો પૂરી પાડવા માટે જણાવાયું હતું. વારંવાર યાદ દેવરાવ્યા પછી કેવળ વીસ રાજ્યોએ આ માહિતી આપી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યા મુજબ છેલ્લાં પાંચ વરસમાં ગટરની સફાઈ દરમિયાન ૩૪૦ લોકોનું મૃત્યુ થયું છે. આ પૈકીના ૨૧૭ લોકોને પૂર્ણ અને ૪૭ લોકોને આંશિક વળતર ચૂકવવામાં આવેલું છે. સવાલ એ છે કે શું વળતર ચૂકવવાથી કામ પૂરું થઈ ગયું? આ પ્રથાને સાવ નાબૂદ કરવા માટે કેમ કોઈ પગલાં ન લેવાય?

હાલ કાનૂની જોગવાઈ અનુસાર કોઈ વ્યક્તિને ગટર કે સેપ્ટિક ટેન્કની સફાઈ માટે રોકનાર વ્યક્તિ યા એજન્સીને પાંચ વર્ષ સુધીની કેદ અથવા પાંચ લાખ સુધીનો દંડ યા બન્નેની સજા થઈ શકે છે. એ મુજબ કસૂરવારને આ સજા કરવામાં આવી કે કેમ?

૨૦૧૩ માં આ પ્રથાને પ્રતિબંધિત ઠરાવતો અને તેની સાથે સંકળાયેલા લોકોના પુનર્વસન માટેનો કાયદો અમલી બનાવાયો. આ પછી પણ આ પ્રથા ચાલુ રહી છે. વર્તમાન સરકાર હવે આ કાયદામાં સુધારો લાવવાની વાત કરે છે અને તમામ સફાઈને યાંત્રિક બનાવવા પર ભાર મૂકાઈ રહ્યો છે. આ સફાઈ પૂર્ણપણે યાંત્રિક બને એની સાથેસાથે આ કામદારો માટે રોજગારીના અન્ય વિકલ્પ વિશે જોગવાઈ જરૂરી છે. તેમની જ્ઞાતિને કારણે તેમને કોઈ કામ પર રાખશે કે કેમ એ મુદ્દો એટલો જ અગત્યનો છે.

આ કાયદો, તેની જોગવાઈઓ અને વર્તમાન પરિસ્થિતિ એટલું સ્પષ્ટ અવશ્ય કરે છે કે કેવળ કાયદો બનાવી દેવાથી કશું બદલાઈ જતું નથી. રાજકીય ઈચ્છાશક્તિ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. એક તરફ દેશના કહેવાતા વિકાસ અને અત્યાધુનિક ટેક્નોલોજીનું ગૌરવ મૂકીએ તો પણ સામા પલ્લામાં માથે મેલું ઉપાડવાની પ્રથાનું અમાનવીયપણું એટલું પ્રબળ છે કે તેનું પલ્લું નમી જાય. દેશને વિશ્વગુરુ બનાવવાનાં સપનાં આપણે જોતાં હોઈએ યા આપણા નેતાઓ દ્વારા આપણને એ દેખાડવામાં આવતાં હોય તો માનવગૌરવ પર કાળી ટીલી સમાન આ પ્રથાની નાબૂદી કરવા માટે નક્કર પગલાં લેવાવાં જોઈએ. અન્ય નાગરિક સંગઠનોએ આની માંગ કે જરૂરી દબાણ ઊભું કરવું પડે. નહીંતર તેના માટેની યોજનાઓ બનતી રહેશે અને કાયદાઓ કાગળ પર કડક થતા રહેશે. માથે મેલું ઉપાડનારા ફરિયાદ નહીં કરે એટલે એમ માની લેવામાં આવશે કે આ પ્રથા નાબૂદ થઈ ગઈ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

'સ્વ' એ સુધરવાની જરૂર છે.

આપણા પ્રધાનમંત્રી બૂમો પાડી સલાહ આપે છે. કામ વગર બહાર ન નિકળો, યોગ્ય અંતર જાળવો.... વગેરે...વગેરે પરંતુ આપણે આવાજ 21 જનેતાની સભામાં, સરઘસમાં આપણા પોતાની જાનના જોખમો પહોંચી જઈએ છીએ... !! કેમ ?!

માંગરોળ (મોસાલી) વેરાકૂઈ ગામે ભાજપના આગેવાનના પત્રનાં લગ્નમાં નાચગાન માં લોકો ભેગા થયા. જેમાં બે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા. ભાજપનું સભ્યપદ રદ થયું નહીં ?! ચિત્રો જોયું આ બાબતે વિચારો. બીન જરૂરી ભેગા ન થાવ તો જે સ્ટેજપર એકલા હશે. બીજી એક બાબત. હાલની વિકટ પરિસ્થિતિ ધ્યાને લઈ નેતાઓએ આવા પ્રચંડ દેખાવો રેલી આ સ્વેચ્છાએ ન કરવાની તાતી જરૂરીયાત જણાય છે. સુફીયાણી સલાહ અને તેનો પોતેજ ભંગ કરે તે નેતા કેવા ? એમણે ટી.વી. પરથી પ્રચાર કરી એક દાખલો બેસાડી શકાય સાથે સાથે પ્રજાનું વ્હાલ મેળવી શકાય. વારંવાર સમાચાર પત્રોમાં આખા પેજની જાહેરાત આપવામાં આવે છે. ત્યારે તેની જગ્યાએ જેતે પોતાના પત્રની પ્રગતિ, નીતિ, છાપી શકાય.

''આપ મૂઆ વિના સ્વર્ગને જ વાય'' આપ સુધર્યા વિના બીજાને શું કહેવાય ?

અમરોલી -બળવંત ટેલર

શરીર અને મનને પેટ્રોલ પુરો

દરેક માનવીએ શરીરની તંદુરસ્તી ન બગડે એ વિશેષ ધ્યાન રાખવાનું હોય છે. આંતરે આંતરે થોડો આરામ લઇ શકાય અથવા શનિ, રવિ કે રજાઓમાં શરીર અને મનને પેટ્રોલ પુરાય એ ખાસ જરૂરી છે.

જો માનવી અથાગ પરિશ્રમ કર્યા કરે અને પોતાના મન અને શરીરને જરા પણ આરામ ન આપે શરીર અને મન બન્નેનું સ્વાસ્થ્ય બગડે. અંતે આરામ વગરનું જીવેલું જીવન ભારે પડે. શરીર તંદ